# ભક્તિસુધા

**શાશ્વત સુખ** – સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જો આપણે સાશ્વત સુખ પ્રાપ્ત કરવું હોય તો સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી બનવું જોઈએ. ઘણાને સ્હેજે એવો પ્રશ્ન થતો હોય છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ મોટે ભાગે સુખી હોય છે. તેનું કારણ શું ? ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતો માટે ઘણી દીર્ઘ દૃષ્ટિથી ગુરુ રામાનંદ સ્વામી પાસેથી બે વરદાન માગેલા છે. એકતો મારો ભક્ત અન્ન વસ્ત્રે સદા સુખી રહે. બીજું તેના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય તો તે દુ:ખ મને આવે પણ મારો આશ્રિત સુખી થાય. અત્યાર સુધીના ઈતિહાસમાં આવા વરદાન કોઈએ પોતાના આશ્રિતો માટે માગ્યા નથી. ને કોઈ એ આપ્યા પણ નથી. આશ્રિતનું સદા સારૂં થાવું હોય તો ભગવાનનું સ્વરૂપ હૈયામાં રાખવું ને આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ.

જો આપણે શાશ્વત સુખ પ્રાપ્ત કરવું હશે તો આપણે આપણી દૃષ્ટિ બદલવી પડશે. જ્યાં સુધી આપણી દૃષ્ટિમાં અને વૃતિમાં આ જગતના પંચવિષયરૂપી આસક્તિ, દેહાભિમાન રૂપી માયા છે ત્યાં સુધી બધું માયામય જ દેખાય છે. જેમ કોઈક ને કમળો થયો હોય તેને બધું પીળું દેખાય છે. તેમઆપણી આંખમાં, વૃતિમાં માયા રૂપી કમળો છે. માટે માયા જ ભગવાન આડી આવી જાય છે. માયા આડી આવે એટલે શાશ્વત સુખ જે ભગવાનની મૂર્તિ આનંદ કંદ, સુખ સાગર, રસરૂપ પ્રાપ્ત થતી નથી. પણ એની એજ દૃષ્ટિ, વૃત્તિને પરમાત્મામાં જોડીએ, ધારણ કરીએ તો શાશ્વત સુખ મળે છે.

દૂધમાં ઘી તો છે. પરંતુ તે ઘી કેવી રીતે પ્રાપ્ત થાય. તેની જો પદ્ધતિ ન આવડતી હોય તો ક્યારેય ઘી પ્રાપ્ત ન થાય. હમેંશા જે વસ્તુમાં જે ભાવ સમાયેલો હોય તે વસ્તુમાંથી તેજ પ્રાપ્ત થાય. બરફમાં ઠંડક છે તો ઠંડક જ મળે. અગ્નિમાં ગરમી છે તો ગરમી જ મળે. તેમ ભગવાનમાં હમેંશા સુખ શાંતિ જ રહેલા છે. તો તેમાંથી તેજ પ્રાપ્ત થાય. પણ મુશ્કેલી ત્યાં છે કે તે સુખ - શાંતિ મળે કેવી રીતે તેની સાચી પદ્ધતિનો ખ્યાલ નથી. અને જાણકારી હોય તો તેનો ઉપયોગ કરવામાં ખામી છે. ભગવાનની મૂર્તિમાં જે સુખ છે તે મેળવવું હોય તો મનની વૃતિ ને દૃષ્ટિ એકાગ્ર કરીને ભગવાનમાં જોડવાથી શાશ્વત સુખ પામે છે.

જ્યાં સુધી જીવાત્માને પરમાત્માનો મહિમા સમજાણો નથી ત્યાં સુધી અનેક વિધ કાર્યો કરવા છતાંય મનવૃત્તિ પરમાત્મામાં લાગતી નથી. મનની વૃતિ પરમાત્મામાં લાગી જાય તો બેડો પાર થઈ જાય. ને શાશ્વત સુખ મળી જાય. એટલે સંતો કહે છે કે મનની વૃતિને પરમાત્મા જોડી દેજો. પરમાત્મા સાથે પરણાવશો. ને માયિક પંચવિષયમાંથી પાછી વાળજો. અને પછી જો પરમાત્મા માં જોડાઈ ગઈ હશે તો કદી પણ જગતના સુખમાં કે પંચવિષયમાં નહિ જાય. જેની હોજરી સારી હોય તેજ ઘીમાં બનાવેલ ધારી પચાવી શકે. તેમ જેને ભગવાનનો મહિમા સમજાણો હોય, નિશ્ચય દૃઢ થયો હોય તેને વૃતિ ભગવાનમાં રાખવી સુગમછે. બીજાને તો ભગવાનમાં વૃતિ જોડવાનું ઘણું કઠણ પડે. નેવાના પાણી મોભે ચડાવવા જેવું થાય. માટે શાશ્વત સુખ મેળવવું હોય તો સાચા ભક્ત થાવું ને ભગવાનની મૂર્તિમાં જ દૃષ્ટિને વૃતિ રાખવી. અને શ્રીજી મહારાજની આજ્ઞામાં રહેવું. શિક્ષાપત્રીનું પાલન કરવું. ને શ્રીજી મહારાજ પાસે એમજ માંગવું જે, ''તમારી મૂર્તિ વિના મારા નાથ રે બીજુ મને આપશો માં,'' બસ ભગવાનની મૂર્તિમાંજ શાશ્વત સુખ રહેલું છે. સુખની ચાવી એટલે ભગવાનની મૂર્તિ.

સુખ બે પ્રકારના છે (૧) લૌકિક સુખ (૨) અલૌકિક સુખ. કર્મ અનુસારે અનેક જન્મો ધારીને તે તે જન્મોમાં જેવા જેવા કર્મો કર્યા હોય છે. તેમાં જે સારા કર્મો કર્યા છે તેના ફળરૂપમાં જે સુખ પ્રાપ્ત થાય છે. તે ક્ષણિક અને નાશવંત હોય છે. સુખને દુ:ખ મિશ્રિત પ્રાપ્ત થાય છે. જેને લૌકિક સુખ કહે છે. જ્યારે ભગવાનના ધામનું સુખ છે. તે અલૌકિક છે. સ્વર્ગાદિ લોકોના સુખો પુણ્ય હોય ત્યાં સુધીજ ભોગવાય છે. અને પુણ્યનો ક્ષય થતાં તે સુખો પુરા થાય છે. જ્યારે ભગવાનના ધામનું સુખ તો અવિનાશી છે. સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામીએ કીર્તન માં ગાયું છે કે,

''રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠુ સુખ જાણીને વગોવ્યું. મુક્તાનંદ કહે મન તમસંગ મોહ્યું, રે શ્યામ તમે સાચુ નાણું.''

શાસ્ત્રકારો પણ માયાથી ઉત્પન્ન થયેલા કાર્યો નાશવંત છે. એમ કહે છે. અલૌકિક સુખ પણ ૨ પ્રકારનાં છે. (૧) સ્વર્ગ આદિ લોકોના સુખ (૨) ભગવાનના ધામનું સુખ. અવિનાશી - શાશ્વત સુખ મેળવવા માટે સત્સંગની પણ જરૂર છે. સત્સંગથી જ ભગવાનની મૂર્તિમાં દૃષ્ટિને વૃત્તિ રહે છે. ને શાશ્વત સુખ મળે છે.

## ભગવાનને ભજે તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે

- વર્ષાબેન અરવિંદભાઈ સોની

એક સમયે મહારાજ પાંચસો પરમહંસ સાથે બિરાજમાન હતા. બસો પાર્ષદો હતા. તે સંતોની રસોઈ સંતો કરે, અને પાર્ષદો માટે આસુબાઈ સત્સંગી હતા તે પાર્ષદોની રસોઈ કરે, અને પાર્ષદો જમે, તે બાઈને ભગવાનને વિશે હેત ઘણું હતું. માનસી પૂજા કરે તો ઘણો સમય જતો રહે તેની પણ તેમને ખબર રહેતી નહી. તો રોટલા બનાવવાનું મોડુ થઈ જાય, પાર્ષદોએ મહારાજને ફરિયાદ કરી બાઈ મોડા મોડા રસોઈ બનાવે છે.

મહારાજ કહે સારુ, અમે તપાસ કરશું. પછી એક વખત અખાત્રીજનો દિવસ આવ્યો, તે મહારાજ પીતાંબર પહેરીને સભામાં બેઠા ત્યારે સંતોએ સુગંધીમાન ચંદનથી મહારાજને આખા શરીરે ચંદનના વાઘા કર્યા. ખૂબ જ શોભાયમાન ચિત્ર વિચિત્ર ડિઝાઈન કરી સુંદર શોભા કરી.

આસુબાઈ મહારાજના દર્શન કરવા આવ્યા. દર્શન કરતા બાઈને મહારાજમાં ખૂબ હેત હોવાથી દેહભાન ભૂલી ગયા અને બે ત્રણ કલાક થઈ ગયા. મહારાજે જાણ્યું કે આ બાઈને દેહની ખબર નથી અને ધ્યાનમાં લાગી ગયા છે.

પછી મહારાજ તે બાઈનું રૂપ લઈને તેને ઘેર ગયા અને રોટલા બનાવ્યા ને પાર્ષદોને જમાડ્યા. પાર્ષદો કહે, આજના રોટલા જેવો સ્વાદ કોઈ દિવસ નથી આવ્યો. શું મીઠાશ છે, ખૂબ જમ્યા પછી જમીને ઉતારે જતા હતા ત્યાં આસુબાઈ રસ્તામાં સામા મળ્યા. તે બાઈ તો વિનયથી પાર્ષદોને કહેવા લાગ્યાં કે મને આજ મોડુ થઈ ગયું છે. તે માફ કરજો. હું હમણાં જ રસોઈ બનાવી દઉં છું અને તમોને જમાડું છું. ત્યારે પાર્ષદો કહે, કેમ તમોએ અમને હમણાં જમાડ્યા તો ખરા ! ત્યારે બાઈ કહે ના, ના હું નહોતી મેં ક્યારે જમાડ્યા ? ત્યારે પાર્ષદો કહે ના, ના તમે જ હતા, તમેજ અમને રોટલા જમાડ્યા.

ત્યારે આસુબાઈ કહે ઠીક, પછી ઘરે આવ્યા ત્યારે રસોડામાં થોડા રોટલા વધેલા હતા, તે જોયા પછી પોતે જાણી ગયા કે મહારાજ જ આવ્યા હશે ! પછી, મહારાજ પાસે ગયા ને કહ્યું કે તમોએ મારા સાટે રોટલા બનાવ્યા ? ત્યારે મહારાજ કહે તમો અમારા દર્શનમાં આસક્ત (લીન) થઈ ગયા હતા તેથી અમોએ તમારુ કાર્ય કર્યું. એમ જે ભગવાન ભજે છે તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે જ છે.

## રાણી ઝમકુંબાઈ બન્યાં માતાજી

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (મેમનગર)

ગામઉદેપુર-રાજસ્થાનના રાજાની રાણી ઝમકુબાઈ કરીને હતાં. બાળપણથી સત્સંગથી થયેલા. તેમના પતિ રાણાએ સત્સંગ મૂકાવવાને અર્થે ઘણો જ પ્રયત્ન કર્યો, રાણીને અભક્ષ્ય વસ્તુ ખવરાવવાને માટે નિરંતર દુઃખ આપતા પણ ઝમકુબાઈ તો સદાય શ્રીહરિના સ્મરણમાં નિમગ્ન રહેતાં. છેવટે બાઈના મનમાં એમ થયું કે આનાં કરતાં દેહ પાડવો તે સારુ. તેથી રાત્રે ત્રીજે માળેથી શરીર પડતું મેલ્યું પરંતુ શ્રીજી મહારાજે તેમનું રક્ષણ કર્યું. પછી મહારાજે તે વખતે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને આગળ ચાલ્યા અને બાઈ પાછા ચાલ્યાં, તે વખતે ગઢના દરવાજા આપોઆપ ઉઘડી ગયા. પછી બાઈ રસ્તે જતાં હતાં. ત્યાં વણઝારાની પોઠ ચાલી જતી હતી તે આગળ જતાં એક મરેલ ઊંટના હાડકાનું ખોખું પડ્યું હતું. તેમાં બાઈ સંતાઈ ગયા. મહેલમાં તપાસ કરતા બાઈ ક્યાંય ન જોયા એટલે રાણીની શોધ માટે ઘોડે સ્વારો દોડાવ્યા પણ હરિ ઈચ્છાથી બાઈનો ક્યાંય પત્તો લાગ્યો નહિ.

ત્રીજે દિવસે ખોખામાંથી નીકળીને બાઈ ચાલી નીકળયાં. રસ્તે જતાં એક મોટી નદી આવી તેમાં શ્રીજી મહારાજ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા અને કહ્યું, હે ઝમકુબાઈ ! તમે ઘણાં દિવસનાં થાકેલાં છો અને અપવિત્ર જગ્યામાં રહ્યાં છો માટે આ નદીમાં સ્નાન કરી અને શુદ્ધ થાઓ. પછી બાઈએ સ્નાન કરી વસ્ત્ર ધોયાં. પછી મહારાજ કહે, ''તમારે ચાર દિવસના ઉપવાસ થયા છે તો આ લ્યો મારી પાસે સુખડી છે તે જમો.'' બાઈએ જમીને પાણી પીધું. પછી મહારાજ બોલ્યા જે તમારે ત્રણ ચાર રાતનો ઉજાગરો છે માટે સૂઈ જાઓ. તમારા વસ્ત્ર હું સાચવીશ. પછી બાઈ ઊંધી ગયા. અને શ્રીજી મહારજ બાઈને કારીયાણીના ઝાંપામાં જ્યાં વડ છે ત્યાં લાવીને મૂક્યાં. પછી મહારાજે બાઈને કહ્યું, ''આ ગામમાં સ્વામિનારાયણ છે. ત્યાં તમે જાઓ ? પછી બાઈ વસ્તાખાચરના દરબારમાં ગયાં અને મહારાજનાં દર્શન કર્યા. પછી મહારાજે તેમને ગઢડે મોકલ્યાં.

બાઈ ગઢડામાં નિરંતર દરબારગઢ વાળતાં અને શ્રીજી મહારાજ સારુ ઘેલામાંથી રોજ પાણી ભરી લાવતાં. એક દિવસે મહારાજે મોટીબાને કહ્યું, ''મોટી બા, આ દરબાર નિત્યે કોણ વાળે છે ? ત્યારે મોટીબા કહે કે કોઈક ગુજરાતી બાઈ છે તે વાળે છે.'' મહારાજ કહે એ ગુજરાતી બાઈ નથી એ તો ઉદેપુરનાં રાણી છે અને એમની પાછળ તો ગોતવા